બગુમરા ગામમાં ગાંજા સાથે એકની અટકાયત

ઈલ્યાસ શેખ

પલસાણાઃ સુરત જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે પલસાણાના બગુમરા ગામેથી ગાંજાના ગેરકાયદે વેપારનો પર્દાફાશ કર્યો છે. એસ.ઓ.જી.ના એ.એસ.આઈ. રાજેન્દ્રભાઈ અને ભૂપેન્દ્રભાઈને મળેલી બાતમીના આધારે પોલીસે બગુમરાની સાઈવાટિકા સોસાયટી વિભાગ-૧ના મકાન નં.૧૬૧ના ઉપરના માળે દરોડો પાડ્યો હતો. આ રેડ દરમિયાન પોલીસે મૂળ વારાણસી (યુ.પી.)ના અને હાલ ત્યાં ભાડે રહેતા ૨૭ વર્ષીય શાદાબ આલમ ખાન ઉર્ફે સિધ્ધની ધરપકડ કરી છે. પોલીસ દ્વારા સ્થળ પરથી કુલ ૭૪,૮૫૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જેમાં ૫૪,૮૫૦ની કિંમતનો ૧.૦૯૭ કિલોગ્રામ ગાંજો, પ્લાસ્ટિક કોથળીઓ, ૧૧૭ નંગ જીપબેગ અને ૨૦,૦૦૦નો એક મોબાઈલ ફોન સામેલ છે. પૂછપરછમાં સામે આવ્યું કે આરોપી છેલ્લા ત્રણેક મહિનાથી પ્રભાત ઉર્ફે રામા સિંગ નામની વ્યક્તિ પાસેથી ગાંજો લાવીને અહીં છૂટકમાં વેચતો હતો. હાલમાં પોલીસે માલ સપ્લાય કરનાર પ્રભાત ઉર્ફે રામા સિંગને વોન્ટેડ જાહેર કરી, તેનું સરનામું મેળવવા આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વ્યારાની કેનેરા બેંકમાં લોન કૌભાંડ

58 વર્ષીય મહિલાની જાણ બહાર રૂ.15.44 લાખની લોન કરી નાણાંની ઉચાપત

એજન્ટ સંદીપ કોંકણી, બેંક મેનેજર, કર્મચારી અને નોટરી વકીલ સહિત 7 સામે ગુનો નોંધાયો

અન્ય 10 ગ્રાહકના નામે જાણ બહાર રૂ.84.32 લાખની લોન મંજૂર કરાવી લાખો ગપચાવી લીધા હોવાનો આક્ષેપ

વ્યારાઃ વ્યારામાં લખાલી ગામની 58 વર્ષીય મહિલાના નામે જાણ બહાર વ્યારાની કેનેરા બેંક દ્વારા રૂ.15.44 લાખ રૂપિયાની લોન કરી લોનના નાણાંની ઉચાપત કરવાનાં મામલે લોન એજન્ટ સંદીપ કોંકણી, બેંકના મેનેજર, કર્મચારી અને નોટરી વકીલ સહિત કુલ 7 સામે વ્યારા પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

મળતી માહિતી મુજબ ફરિયાદી વજલીબેન વેલજીભાઈ ગામીત (ઉં.વ.58) (ધંધો-ખેતીકામ) (રહે.,લખાલી ગામ, પારસી ફળિયું, તા.વ્યારા)ના નામે ફરિયાદીની જાણ બહાર આરોપી એજન્ટ સંદીપ કોંકણી, જે-તે સમયના કેનેરા બેંકના મેનેજર અમનદીપ યાદવ, જે-તે સમયના કેનેરા બેંકના મેનેજર લોન રિન્યુ કરનાર, કેનેરા બેંકના કર્મચારી અમરીસકુમાર, નોટરી વકીલ ઈશ્વર ટી.કોંકણી, જે-તે વખતના કેનેરા બેંકના લોન સિગ્નેચર કાર્ડ પર સહી કરનાર કર્મચારી, જે-તે સમયના કેનેરા બેંકના કેશિયર સહિત કુલ 7 આરોપી સામે ગુનો નોંધાયો હતો. ત્યારે વ્યારા નગરમાં બેંક આલમમાં ખળભળાટ મચી ગયો છે.

10 ડિસેમ્બર-2025ના રોજ કેનેરા બેંકના કર્મચારીઓ મહિલાના ઘરે લોનની રિકવરી માટે ગયા હતા. દરમિયાન મહિલાએ બીજા દિવસે બેન્કમાં જઈને તપાસ કરતાં વર્ષ-2024માં મહિલાના ખોટી રીતે દસ્તાવેજો રજૂ કરી મહિલાના નામે બેંક ખાતું તેમજ કિસાન ક્રેડિટ કાર્ડ માટે એકાઉન્ટ ખોલી પ્રથમ 10.49 લાખ અને બાદમાં 4.95 લાખની લોન કરી કુલ 15.44 લાખની મહિલાના નામે લોન કરી લોનનાં નાણાં મહિલાની જાણ બહાર આરોપીઓએ ગપચાવી લીધાં હતાં. જે અંગે મહિલાએ વ્યારા પોલીસ મથકે ફરિયાદ આપતાં લોન એજન્ટ સંદીપ કોંકણી, બેંકના મેનેજર, કર્મચારી અને નોટરી વકીલ સહિત કુલ 7 સામે ગુનો નોંધાયો હતો અને આરોપી સંદીપ કોંકણી અને નોટરી ઈશ્વર ટી.કોંકણીની પોલીસે અટકાયત કરી હોવાનું જાણવા મળ્યું હતું.

ફરિયાદી મહિલાએ પોતાની ફરિયાદમાં અન્ય 10 જેટલા ગ્રાહકોના નામે પણ લાખો રૂપિયાની ખોટી રીતે લોન મંજૂર કરી નાણાંની ઉચાપત કરી હોવાનું જણાવ્યું છે, જેમાં અન્ય 10 જેટલા ગ્રાહકોના નામે જાણ બહાર જ રૂ.84.32 લાખની લોન મંજૂર કરાવી લાખો રૂપિયા ગપચાવી લીધા હોવાનો આરોપ લગાવ્યો છે. ત્યારે પોલીસ તપાસમાં વ્યારાની કેનેરા બેન્કમાં કરોડો રૂપિયાનું લોન કૌભાંડ બહાર આવે તેવી શક્યતા રહેલી છે તેમજ વ્યારા સહિત જિલ્લાનાં મોટાં માથાંની આ લોન કૌભાંડમાં સંડોવણી બહાર આવે તેવી લોકોમાં ચર્ચા થઈ રહી છે.

નવાગામની શ્રીજી ઈન્ડ.માંથી શંકાસ્પદ ઘીની ફેક્ટરી પકડાઇ

ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે જરૂરી સેમ્પલ લીધાં

કામરેજઃ નવાગામ શ્રીજી ઈન્ડસ્ટ્રીયલમાંથી કામરેજ પોલીસે શંકાસ્પદ હાલતમાં ઘી બનાવવાની ફેક્ટરીને ઝડપી પાડી તેલ,ઘી,ક્રિમ સહીતનો જથ્થો સીલ કરીને ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગને જાણ કરી જરૂરી સેમ્પલ લેવામાં આવ્યા હતા.

કામરેજ તાલુકાના નવાગામની હદમાં આવેલા શ્રીજી ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ નંબર 7 માં ફાયર સ્ટેશનની સામેમાં શંકાસ્પદ ઘીનો જથ્થો રાખવામાં આવ્યો છે.જે બાતમીના આધારે કામરેજ પોલીસે રેડ કરતાં પ્લોટ નંબર 7 માં પહેલા માળ પર મૌલિક ભાવેશ વાઘાણી (ઉ.વ.32,રહે. મકાન નંબર 85,શાંતિનગર સોસાયટી,સરથાણા જકાતનાકા)ને સાથે રાખીને કારખાનામાં તપાસ કરતાં શંકાસ્પદ તેલના ડબ્બા નંબર 15,ભેંસના ઘી જેવા ડબ્બો નંગ-1,ગાયના ઘી જેવા ડબ્બા નંગ-1 તેમજ 140 ક્રિમ જેવા મિશ્રણનો જથ્થો મળી આવતા કામરેજ પોલીસે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમને જાણ કરવામાં આવી હતી. ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમ આવી જરૂરી સેમ્પલ લઈને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે પુછપરછ કરતાં છેલ્લા પંદર દિવસથી ઘી બનાવવાની કામગીરી કરવામાં આવી રહી હતી. 15 ડબ્બા તેલના,140 કિલો ક્રીમ,1 ડબ્બો ભેંસના ઘી,1 ડબ્બો ગાયના ઘીનો સીલ કરવામાં આવ્યો હતો. આ અંગે ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના રીપોર્ટ બાદ પોલીસ આગળની કાર્યવાહી હાથ ધરશે.

માંડવીમાં ચોરીની મોપેડ સાથે એક શખ્સ ઝડપાયો

હિતેશ પટેલ

માંડવીઃ સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયાની સૂચનાથી મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા માંડવી પોલીસ પી.આઈ. જે.એસ.વળવીની ટીમ દ્વારા વાહન ચેકિંગ ડ્રાઈવ યોજવામાં આવી હતી. આ દરમિયાન નંબર પ્લેટ વગરની સિલ્વર કલરની મોપેડ સાથે પસાર થતા એક શંકાસ્પદ ચાલકને રોકવામાં આવ્યો હતો. પોલીસે 'e-Gujcop' એપ્લિકેશનમાં વાહનના એન્જિન અને ચેસીસ નંબર સર્ચ કરતાં આ મોપેડ માંડવી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના ગુનાનું હોવાનું બહાર આવ્યું હતું. આરોપી રાહુલભાઈ રામભાઈ ઉર્ફે રામુભાઈ જોગી (ઉં.વ.૨૦) (રહે.,જોગીવાડ, માંડવી)એ આઠ માસ પહેલાં જૈન દેરાસર પાસેથી આ વાહન ચોર્યાની કબૂલાત કરી હતી. પોલીસે રૂ.૯૦,૦૦૦ની સુઝુકી એક્સેસ મોપેડ અને રૂ.૫,૦૦૦નો મોબાઈલ મળી કુલ રૂ.૯૫,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી આરોપીની ધરપકડ કરી છે.

ગૌમાંસના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો

વિનોદ મૈસુરીયા

વાંકલઃ સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષક અને માંગરોલ પી.આઈ પી.એમ.દેસાઈના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન પો.કો.વિપુલભાઈ વિક્રમભાઈને બાતમી મળતાં મોસાલી ચોકડી નજીકથી એક વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યો હતો. પકડાયેલો આરોપી સાજીદ સલીમ ભીખુ (રહે.,કોસાડી, તા.માંગરોળ) માંગરોળના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો હતો.

પીપલવાડામાં ટ્રેક્ટર ટ્રોલી સાથે અથડાતાં બાઈક ચાલકનું મોત

વ્યારાઃ ડોલવણના પીપલવાડા ગામે ટ્રેક્ટરની ટ્રોલી અને બાઈક વચ્ચે સર્જાયેલા ગંભીર અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નીપજતાં વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. બચુભાઈ સીમગુભાઈ કોંકણી પોતાની બાઈક નં.(GJ-26-5583) લઈને પસાર થઈ રહ્યા હતા. ત્યારે તેમની બાઈક ટ્રેક્ટરની ટ્રોલી સાથે અથડાઈ હતી. અકસ્માત એટલો ગંભીર હતો કે બચુભાઈને માથા તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા, પરંતુ ગંભીર ઈજાને કારણે તેમનું મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. સમગ્ર ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે.

બાળકો કેવી રીતે ભણશે?: બે રૂમની સામે માત્ર એક જ મંજૂર!

ઉચ્છલના હોલીપાડા પ્રાથમિક શાળાના વર્ગખંડ બાબતે મામલતદારને આવેદન

વ્યારાઃ ઉચ્છલના હોલીપાડા ગામના ગ્રામજનો અને વાલીઓએ પ્રાથમિક શાળામાં બે વર્ગખંડોની જરૂરિયાત હોવા છતાં માત્ર તંત્ર દ્વારા એક જ વર્ગખંડના બાંધકામને મંજૂરી આપવામાં આવતાં નારાજગી વ્યાપી છે. જેને લઈને ગ્રામજનોએ ગતરોજ ઉચ્છલ મામલતદારને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી. હોલીપાડા પ્રાથમિક શાળામાં હાલ ધો.1થી 5ના વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને બે શિક્ષકો ફરજ બજાવે છે. શાળાનું પોતાનું મકાન ન હોવાથી વિદ્યાર્થીઓ વૈકલ્પિક મકાનમાં અભ્યાસ કરવા મજબૂર બન્યા છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ બે વર્ગખંડની માંગણી કરવામાં આવી હતી, પરંતુ વહીવટી તંત્ર દ્વારા આશરે રૂ.19.93 લાખના ખર્ચે માત્ર એક જ વર્ગખંડને મંજૂરી આપવામાં આવી છે. શાળાના શિક્ષકોને એક જ રૂમમાં અલગ-અલગ ધોરણના વિદ્યાર્થીઓને ભણાવવાની નોબત આવતાં શાળામાં શિક્ષણની ગુણવત્તા પર અસર પડશે તેમજ શૈક્ષણિક સામગ્રી અને દસ્તાવેજો માટે પણ પૂરતી જગ્યા ઉપલબ્ધ નહીં રહે. ગ્રામજનોએ વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખી સ્થળ તપાસ કરીને જરૂરિયાત મુજબ બે વર્ગખંડો સહિત જરૂરી શૈક્ષણિક સુવિધાઓ મંજૂર કરવાની માંગ કરી હતી.

સોનગઢના ઘુસર ગામમાં પાણી ઢોળવા બાબતે મારામારી

સોનગઢઃ ગત ૧૪ જૂનના રોજ નિશાળ ફળિયામાં રહેતા રેવાભાઈ ગામીત અને તેમનાં પત્ની સરલાબેન સાથે આ ઘટના બની હતી. ફરિયાદ મુજબ પાડોશમાં રહેતા ભત્રીજા આકાશભાઈએ પાણીનું પીપળું ઢોળી નાંખતાં સરલાબેને પૂછપરછ કરી હતી. આ બાબતે આરોપી સીમાભાઈ દાવલીયાભાઈ ગામીત આકાશભાઈ સીમાભાઈ ગામીત અને રમીલાબેન આકાશભાઈ ગામીત ઉશ્કેરાઈ ગયાં હતાં. સીમાભાઈએ લોખંડની પાઈપ વડે હુમલો કરતાં રેવાભાઈના કપાળ અને પીઠ પર ગંભીર ઈજાઓ થઈ હતી, જેમાં તેમને ૮ ટાંકા આવ્યા છે. ઉપરાંત આરોપીઓએ દંપતીને લાતો અને મુક્કા મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. હાલ ઈજાગ્રસ્ત દંપતી વ્યારા જનરલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. સોનગઢ પોલીસે આ ત્રણેય આરોપી વિરુદ્ધ મારમારી અને ધમકી આપવાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઓલપાડમાં અજાણ્યા પુરુષની લાશ મળી

કીમઃ કીમ નજીક ઓલપાડના પારડી ભાદોલી ગામની સીમમાં એક ખેતરમાંથી આશરે 45 વર્ષીય અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. સીમલથુ ગામના ખેડૂત હિરેનભાઈ ગજ્જરે આ અંગે કીમ પોલીસને જાણ કરી હતી. પોલીસ કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો. લાશ લાંબા સમયથી પડી રહી હોવાથી શરીરનાં કેટલાંક ભાગોને જીવજંતુઓએ નુકસાન પહોંચાડ્યું હતું. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પ્રાથમિક દૃષ્ટિએ મોત કુદરતી હોવાનું જણાય છે, પરંતુ ચોક્કસ કારણ પીએમ રિપોર્ટ બાદ જાણી શકાશે. હાલ મૃતકની ઓળખ મેળવવા પ્રયાસો ચાલુ છે.

સંક્ષિપ્ત સમાચાર

સાયણ ટાઉનમાં પોલીસનું મેગા કોમ્બિંગ ઓપરેશન

સાયણ:ઓલપાડ તાલુકાના ગુનાખોરીમાં સંવેદનશીલ ગણાતા સાયણ ટાઉનમાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ કરવા ઓલપાડ પોલીસ દ્વારા મેગા કોમ્બિંગ ઓપરેશન હાથ ધરાયું હતું. પીઆઇ સી.આર.જાદવની આગેવાની હેઠળ અલગ-અલગ ટીમોએ રાંદલમાતા મંદિર પાછળનો ખાડો અને આદર્શનગર સહિતના પરપ્રાંતિય વિસ્તારો, શંકાસ્પદ રહેણાકો તેમજ હોટેલોમાં સઘન સર્ચ કર્યું હતું. આ ઓપરેશન દરમિયાન કોઈ બાંગ્લાદેશી કે વોન્ટેડ આરોપી ઝડપાયો ન હતો, પરંતુ વાહન ચેકિંગમાં ૪૩ ઈ-ચલણ અને ૮૨ વી.ઓ.સી. કેસ કરાયા હતા તથા ૧૩ વાહનો ડિટેઈન થયાં હતાં. ઉપરાંત ૨૧ ઈસમ સામે અટકાયતી પગલાં ભરી ૬ હિસ્ટ્રીશીટર અને ૬ ટપોરીનું ચેકિંગ કરાતાં અસામાજિક તત્ત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

વાંકલ શાળામાં સાયબર અવેરનેસ કાર્યક્રમ યોજાયો

વિનોદ મૈસુરીયા

વાંકલઃ આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયાના દુરુપયોગ અને ઓનલાઇન નાણાકીય છેતરપિંડીના કિસ્સાઓ સતત વધી રહ્યા છે, ત્યારે વિદ્યાર્થીઓમાં નાનપણથી જ આ અંગે જાગૃતિ આવે તેવા આશય સાથે માંગરોળ પોલીસ દ્વારા એક સરાહનીય પગલું ભરવામાં આવ્યું છે. માંગરોળના વાંકલ ખાતે આવેલી ઉચ્ચતર પ્રાથમિક શાળામાં પોલીસ વિભાગ દ્વારા 'સાયબર અવેરનેસ' (Cyber Awareness) અંગેના ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ વાંકલ ઓપી (આઉટ પોસ્ટ)ના હેડ આનંદભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન આનંદભાઈ ચૌધરીએ શાળાનાં બાળકોને મોબાઈલ ફોન અને ઇન્ટરનેટનો સુરક્ષિત ઉપયોગ કેવી રીતે કરવો એ વિશે જણાવાયું હતું. આ પ્રસંગે વાંકલ ઉચ્ચતર પ્રાથમિક શાળાના આચાર્ય રમેશભાઈ ચૌધરી તેમજ શાળાનો સમગ્ર સ્ટાફ ગણ ઉપસ્થિત રહ્યો હતો.

વ્યારામાં બાળમજૂરી કરાવતા દુકાન માલિક સામે ગુનો નોંધાયો

વ્યારાઃ વ્યારાના બરસાના રેસિડેન્સી વિસ્તારમાં આવેલી પી.ઓ.પી. સામગ્રીની દુકાનમાં બાળ મજૂરી કરાવવામાં આવતી હોવાની માહિતીના આધારે શ્રમ વિભાગ દ્વારા દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન એક બાળ મજૂર કામ કરતો મળી આવતાં તેને મુક્ત કરાવવામાં આવ્યો હતો. બાદ દુકાનના માલિક કાલુભાઈ સાહેબઅલી અંસારી (રહે.,કન્યા શાળાની બાજુમાં સ્ટેશન રોડ, વ્યારા) સામે બાળ મજૂરી પ્રતિબંધક કાયદા હેઠળ ગુનો નોંધાવવામાં આવ્યો છે.

પલસાણામાં બંધ મકાનમાંથી રૂ.૨.૭૫ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

પલસાણાઃ જોળવા ગામના 'આરાધના પેલેસ'ના એક બંધ મકાનમાંથી પોલીસે બાતમીના આધારે રેડ પાડીને ગેરકાયદે વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. મકાનની તલાશી લેતાં પ્લાસ્ટિકની કોથળીઓ અને ૩૦ બોક્સમાંથી કુલ ૧,૬૨૬ નંગ વિદેશી દારૂની બોટલો તથા બિયરના ટીન મળી આવ્યાં હતાં, જેની અંદાજિત કિંમત ૨,૭૫,૩૫૧ થાય છે. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આ જથ્થો દસ્તાન ગામના બુટલેગર આકાશ બહારે સફેદ ગાડીમાં પાસ-પરમિટ વગર હેરાફેરી કરી વેચાણના ઇરાદે લાવ્યો હતો. પલસાણા પોલીસે ગુનો નોંધી વોન્ટેડ આકાશ અને તેના સાગરીતોની શોધખોળ હાથ ધરી છે.

મોરીઠા ગામે જનકલ્યાણ શિબિર યોજાઈ

હિતેશ પટેલ

માંડવીઃ મોરીઠા ગામ ખાતે તાજેતરમાં જનકલ્યાણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સેવા, સહયોગ અને વિકાસના સંકલ્પ સાથે યોજાયેલી આ શિબિરમાં બહોળી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને વિવિધ સરકારી સેવાઓનો સીધો લાભ ઉઠાવ્યો હતો. આ શિબિરમાં આધાર કાર્ડને લગતી કામગીરી, આરોગ્ય ચકાસણી કેમ્પ, સરકારી યોજનાઓ વિશેની માહિતી અને સ્થળ પર જ નોંધણી, શિક્ષણ સહાય અંગે માર્ગદર્શન, મહિલા અને બાળ કલ્યાણ યોજનાઓ તેમજ ખેડૂતો માટે કૃષિલક્ષી સહાયની માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સભ્ય નીરવભાઈ લાડ, તા.પં. ઉપપ્રમુખ રિતેશ ચૌધરી, કમલેશ ચૌધરી, કારોબારી અધ્યક્ષ જતીન ચૌધરી, માંડવી તાલુકા સંગઠન પ્રમુખ આતીશ ચૌધરી, મહામંત્રી હિતેશ ચૌધરી, તાલુકા સભ્યો અને આસપાસનાં ગામના સરપંચો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

બારડોલી ડિવિઝન પોસ્ટ ઓફિસ ખાતે 'ડાક અદાલત' યોજાશે

બારડોલીઃ આગામી તા.૨૯/૬/૨૦૨૬ને સોમવારે ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે બારડોલીના લીમડા ચોક સ્થિત બારડોલી ડિવિઝનની સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ ખાતે બપોરે ૩ કલાકે 'ડાક અદાલત' યોજાશે, જેમાં નીતિવિષયક મુદ્દા સિવાયની ટપાલ સેવાઓ અને પોસ્ટલ પેન્શનને લગતા મુદ્દાઓ સંબંધિત ફરિયાદો સાંભળી નિકાલ કરવામાં આવશે. જે માટે આ અદાલતમાં રજૂ કરવાની થતી ટપાલ સેવા તથા પેન્શન સંબંધી ફરિયાદો સ્પષ્ટ અને મુદ્દાસર રીતે સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસ, બારડોલી ડિવિઝન, લીમડા ચોક, મોદી ટાવર, બારડોલી-૩૯૪૬૦૧ ખાતે તા.૨૯ જૂન સુધીમાં મોકલી આપવી.

વાલોડના પુલ ફળિયામાં જુગારધામ પર પોલીસના દરોડા

વાલોડઃ વાલોડ ખાતે ચાલતા જુગારધામ ઉપર પોલીસે રેડ કરી જુગાર રમાડનાર એક શખ્સને ઝડપી પાડ્યો હતો. જ્યારે આ ગુનામાં સંડોવાયેલા 6 શખ્સને પોલીસે વોન્ટેડ જાહેર કરી રૂ.24,450નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ વાલોડ પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતા. એ દરમિયાન તેમને બાતમી મળતાં તેમણે વાલોડના પુલ ફળિયામાં રેડ કરી હતી.

જ્યાં સોહેલ ઝાકીરભાઈ અંસારી (રહે., પુલ ફળિયું, વાલોડ) જાહેરમાં આવતા-જતા શખ્સો પાસે પૈસા લઈ ટાઈમ બજારના નીકળતા આંકો લખી જુગાર રમાડી રહ્યો હતો. પોલીસે સોહેલ અંસારીને દબોચી લીધો હતો અને તેની પાસેથી રોકડ રકમ તેમજ મોબાઈલ મળી કુલ રૂ.24,450નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે આંકડા લખાવનાર નયન (ડોલવણ), બાબુ (સુરત), આરીફ (સુરત) તેમજ આંકડાની કપાત લેનાર વીકી (સુરત), ભાવેશ (માંડવી), તુષાર (વાલોડ)ને પોલીસે વોન્ટેડ જાહેર કરી આગળની વધુ કાર્યવાહી વાલોડ પોલીસે હાથ ધરી છે.

બાબેન નજીક અકસ્માતમાં સણીયા હેમાદના કિશોરનું મોત

બારડોલી : બારડોલી તાલુકા બાબેન ગામની સીમમાં સાઈ આશિષ સોસાયટી નજીક ખરવાસા જતાં માર્ગ પર પૂરઝડપે પસાર થતાં ટેમ્પોએ મોટર સાઈકલને ટક્કર મારતાં મોટર સાઈકલ ચાલકનું મોત નીપજ્યું હતું. જ્યારે પાછળ બેસેલ તેની મિત્રને ઈજા થઈ હતી.

આ અંગે મળતી માહિતી અનુસાર સુરતના સણિયા હેમાદ ગામે પારસી ફળિયામાં રહેતો સાહિલ સંજય રાઠોડ (ઉ.વ.16) ગત રવિવારના રોજ તેના મિત્ર અભય મહેશ રાઠોડ અને સાહિલ નિતેશ રાઠોડ સાથે અભયની ડ્યુક મોટર સાઈકલ નં.(જીજે5 ટીજે 8481) લઈને બારડોલી કપડાં લેવા માટે ગયા હતા. ત્યાંથી તેઓ મોતા ગામે તેમના સંબંધી અનિલભાઈ પાસે ગયા હતા. ત્યારબાદ તેઓ બારડોલીના બાબેન ગામે તળાવ પર ફરવા ગયાં હતાં.

બારડોલીનો છેતરપિંડીના ગુનાનો વોન્ટેડ આરોપી ઝડપાયો

વ્યારાઃ તાપી એલસીબીની ટીમે બાતમીના આધારે વ્યારાના દુધિયા પીરની દરગાહ નજીકથી છેતરપિંડીના ગુનામાં ફરાર વોન્ટેડ આરોપી મયૂર ભરત પાટીલ (ઉં.વ.31) (રહે.,ઓમ રેસિડેન્સી, મુસા રોડ, વ્યારા)ને ઝડપી પાડ્યો હતો. આરોપી બારડોલી ટાઉન પોલીસ મથકે નોંધાયેલા ગુનામાં વોન્ટેડ હતો.

જાહેર નોટીસ - કલ્પેશ ડી.પટેલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કુકરમુંડાની કોર્ટમાં

કેસ નં.૩૭૯/૨૦૨૬

અરજદાર નામ:- રામુભાઈ પ્રતાપભાઈ વળવી, રહે:- મોરંબા તા.કુકરમુંડા જિ.તાપી

વિરૂધ્ધ

સામાવાળા: નામ:-રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, મોરંબા રહે:-ગ્રામ પંચાયત, મોરંબા

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં, રામુભાઈ પ્રતાપભાઈ વળવીનુ જન્મ તા.૦૧/૦૬/૧૯૬૬ ના રોજ મોજે.મોરંબા તા.કુકરમુંડા જિ.તાપી ખાતે થયેલ હોવાનો અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, મોરંબા ના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, મોરંબા ને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, મોરંબા કચેરી ગ્રામ પંચાયત, મોરંબા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા, જો તેમ કરવામાં નહિ આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ તા.૦૮/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કે.ડી.પટેલ)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કુકરમુંડા જિ.તાપી

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૪૮/૨૦૨૬
તા.૧૧/૦૩/૨૦૨૬

વાદી :- ધનરાજ રાજુભાઈ પ્રજાપતિ, રહે.નવાપરા, કુંવારદા, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૨૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી કુંવરદા ગ્રા.પં., તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૨૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ધનરાજ રાજુભાઈ પ્રજાપતિ, રહે. નવાપરા, કુંવારદા, તા.માંગરોળ, જી.સુરત-૩૯૪૧૨૦એ તેઓના પુત્રી ઉર્વીકુમારી ધનરાજ પ્રજાપતિનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: ઉર્વીકુમારી ધનરાજ પ્રજાપતિ ૨. જન્મ તારીખ: ૨૦/૦૨/૨૦૨૧ ૩. જન્મનું સ્થળ: મોજે.કુંવરદા, તા.માંગરોળ, જી.સુરત સબબ, ઉપરોક્ત વિગતે ઉર્વીકુમારી ધનરાજ પ્રજાપતિના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૩/૦૪/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

જાહેર નોટીસ વી.કે.પીપળીયા, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, કામરેજની કોર્ટમાં

નં.એમએજી/જ.મ.પ્ર./રજી.નં.૭૨/૨૦૨૬

સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, કામરેજ પ્રાંત કચેરી, તા.કામરેજ,જી.સુરત, તા.૧૬/૦૬/૨૦૨૬

વાદી: સંગીતાબેન સુભાષભાઈ માછી, રહે. ૨૨૨, સત્યમનગર સોસાયટી, વી-૨, દાદા ભગવાનની પાછળ, કામરેજ, તા.કામરેજ, જી.સુરત

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને ત.ક.મંત્રીશ્રી કામરેજ કામરેજ ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

વિષય : જન્મ-મરણ અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે સદર અરજીમાં વાદીશ્રી સંગીતાબેન સુભાષભાઈ માછીનો જન્મ તા.08/06/1998 ના રોજ કામરેજ, તા.કામરેજ, જિ.સુરત ખાતે થયેલ છે અને તેઓના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં યા તો મુદત તા-૨૧/૦૭/૨૦૨૬ ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (વી.કે.પીપળીયા)
સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ કામરેજ પ્રાંત, કામરેજ

Milano MULTIPLEX

બારડોલી

Haunted
10:00am, 04:00pm, 10:00pm

Bharat bhahagya Viddhaata
01:00pm, 07:00pm

The Silent Saviour Governor -
12:00pm, 06:00pm

Badhu Alright Che-Gujarati
02:30pm, 05:30pm

Peddi - 11:00am, 09:30pm

Hai Jawani Toh Ishq Hona Hai
03:00pm, 09:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333